**DATE: 16/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

### સરદાર પ્રતિમા ધોરીમાર્ગ ઉપર

# ઝઘડિયા ચાર રસ્તા પરના લારી ગલ્લા અને વાહનોના દબાણ દૂર કરાયા

ઝઘડિયા, તા. ૧૫

ઝઘડિયા ચાર રસ્તાથી સરદાર પ્રતિમાને જોડતો ધોરીમાર્ગ પર ઝઘડિયા ચાર રસ્તા ખાતે બંને તરફ મોટી સંખ્યામાં લારી ગલ્લા તેમજ ખાનગી વાહન ચાલકોએ દબાણ કર્યું હતું. જેને ઝઘડિયા પોલીસે શનિવાર સવારથી દૂર કરી માર્ગને ખુલ્લો કર્યો હતો. દબાણો દૂર થતાં ટ્રાફિક સમસ્યાનો નિકાલ આવ્યો હતો.

## મુખ્ય રોડની બંને બાજુ આડેધડ ખડકાયેલા ખાનગી વાહનો અને લારીગલ્લા દૂર થતાં માર્ગ ખુલ્લો થઈ ગયો

સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા હાઈવે ૨ ઝઘડિયાના ચાર રસ્તા ઉપર મોટા પ્રમાણમાં દબાણો જોવા મળતા હતાં. આ રોડ પર શનિવાર અને રવિવાર ઉપરાંત તહેવારોના સમય દરમિયાન મોટા પ્રમાણમાં ટ્રાફિકનું ભારણ જોવા મળે છે. સાથે ભરૂચ જિલ્લાના નવ તાલુકા પૈકી સૌથી વધુ ખનિજ સંપત્તિ ધરાવતા ઝઘડિયા તાલુકામાં ઝઘડિયા, રાજપારડી ચાર રસ્તા ઉપર ભારે ટ્રાફિક સમસ્યા સર્જાઈ હતી. ટ્રાફિક સમસ્યાને કારણ કેટલાય અકસ્માતોના બનાવો પણ બન્યા છે. ઝઘડિયા ચાર રસ્તા ઉપર ટ્રાફિક સમસ્યા હોવા છતાં મુખ્ય માર્ગની બંને તરફ રોડની સાઇડમાં લારી ગલ્લા તેમજ ખાનગી વાહન ચાલકોએ અડિંગો જમાવ્યો હતો. જેથી ઝઘડિયા પીઆઇ તથા તેમની ટીમ દ્વારા આ દબાણકર્તાઓ ઉપર કોરડો વિંઝાયો હતો. મુખ્ય રોડની બંને તરફ ટ્રાફિકમાં નડતર રૂપ તમામ દબાણો દુર કરી રોડ ઉપર જામી ગયેલા કીચડ પણ દૂર કરવામાં આવ્યા હતા. દબાણો હટાવી પોલીસે હોટલ સંચાલકો તેમજ ખાનગી વાહન ચાલકોને ટ્રાફિક સમસ્યા નહીં ઉદ્દભવે તેવી રીતે વાહનો પાર્ક કરવા સૂચના આપી હતી.

**DATE: 16/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# માંડવામાં મહિલા બૂટલેગરને ત્યાં દરોડા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના માંડવા ગામેથી પોલીસે વિદેશીદારૂના જથ્થા સાથે મહિલાને ઝડપી પાડી રૂપિયા 3100 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. માંડવાની બુટલેગર જયા વસાવાને ત્યાં પોલીસે દરોડો પાડતાં તેના મકાનમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપી મહીલાની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તે દારૂનો જથ્થો કોની પાસેથી લાવી હતી તેની તપાસ ચાલુ કરવામાં આવી છે.

**DATE: 16/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### નેત્રંગ - રાજપારડી રોડ પર દેડિયાપાડા તાલુકા હોદ્દેદારની કાર પોલીસે અટકાવી હતી

# ભાજપ યુવા મોરચા મહામંત્રી રાજાપાઠમાં ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દેડિયાપાડા પંથકમાં તાજેતરમાં જ સાંસદ મનસુખ વસાવાએ બુટલેગરોને લઈને નિવેદન આપ્યું હતું. જેમાં કેટલાંક પક્ષના આગેવાનો જ દારૂનો વેપલો કરતાં હોવા સાથે પોલીસને 35 લાખ સુધીનો હપ્તો જતો હોવાનો આક્ષેપ કર્યો હતો. જેને આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ પણ સમર્થન આપ્યું હતું.

દરમિયાનમાં નેત્રંગ પોલીસની ટીમ રાત્રીના સમયે કોમ્બિંગ નાઈટ હોઈ પેટ્રોલિંગમાં હતી. તે વેળાં નેત્રંગથી રાજપારડી જવાના રોડ પર કુબેર ભંડારી મંદિર પાસે આવેલાં નર્મદા નદી પરના પુલ પર ટીમે વાહન ચેકિંગ શરૂ કર્યું હતું. દરમિયાનમાં રાજપારડી તરફથી આવતી એક અર્ટીગા કાર આવી રહી હતી. ચાલક કાર વાંકી ચુકી ચલાવતો હોઈ પોલીસે તેને બેટરીની લાઈટ પાડી કાર રોક્વા જણાવતાં તેણે કાર સાઈડમાં ઉભી રાખી હતી. ચાલકને નીચે ઉતારવા કહેતાં તે લથડિયા ખાતો બહાર નિકળ્યો હતો. પોલીસે તેની પુછપરછ કરતાં તેણે પોતાનું નામ અજય ચૈતર વસાવા (રહે. સોલીયા, દેડિયાપાડા) હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત પોતે ભાજપનો નર્મદા જિલ્લાના યુવા મોરચાના પ્રમુખ હોવાનો રોફ જમાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે દેડિયાપાડા તાલુકા યુવા મોરચાના મહામંત્રી હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે. પોલીસે તેનું પરિક્ષણ કરતાં તેણે દારૂનો નશો કર્યો હોવાનું પ્રાથમિક તબક્કે જણાઇ આવતાં તેની ધરપકડ કરી હતી. ટીમે તેના ઝડતી લેતાં એક પર્સ મળ્યું હતું. જેમાંથી 4010 રૂપિયા રોકડા તેમજ હિસાબ લખેલો એક કાગળ મળી આવ્યો હતો. જેમાં વિઠ્ઠલ મામા, રમેશભાઈ, હેમા સા., પ્રકાશ સા., નરીયા ગા., રાકેશ કો. તેમજ નિરવ દે. સાથેના થયેલાં અંદાજે અઢી લાખથી વધુના લેવડ દેવડનો હિસાબ લખ્યો હોવાનું જણાયું હતું. પોલીસે તેની પાસેથી કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 17/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### 10 પીએચની માત્રા વાળા કેમિકલનો નિકાલ થાય તે પહેલાં ટેન્કર ઝડપાયું

# પાનોલીની કંપનીમાંથી જોખમી કેમિકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ કરવાનું કૌભાંડ

### ચાલકે ઓરિએન્ટ રેમેડિઝ કંપનીમાંથી લાવ્યાની કબૂલાત કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી ની જીઆઇડીસીની ઓરિએન્ટ રેમેડિઝ કંપનીમાંથી અંત્યંત જોખમી કેમિકલ ભરી તેનો નિકાલ કરવા માટે નીકળેલાં ટેન્કરને પોલીસે રાજપીપળા ચોકડી પાસે આવેલી એક હોટલના કંપાઉન્ડમાંથી ઝડપી પાડયું છે.

અંકલેશ્વર અને પાનોલી જીઆઇડીસીમાં આવેલાં કેટલાક બેજવાબદાર ઉદ્યોગો તેમના કેમિકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવાના બદલે ટેન્કરો મારફતે અવાવરૂ જગ્યાએ નિકાલ કરાવી પર્યાવરણને નુકસાન પહોંચાડી રહયાં છે. જાહેરમાં કેમિકલ વેસ્ટના નિકાલના કારણે માનવીઓ તથા પશુઓના મોતની અનેક ઘટનાઓ બનતી હોવા છતાં ઉદ્યોગકારોના પેટનું પાણી હાલતું નથી અને તેઓ કેમિકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ કરવાની ફિરાકમાં રહેતાં હોય છે. બેજવાબદાર ઉદ્યોગો સામે પોલીસ અને જીપીસીબીએ લગામ કસી છે અને ખાસ કરીને પોલીસ હાઇવેની હોટલો પર ઉભાં રહેતાં કેમિકલ ભરેલાં ટેન્કરોની તલસ્પર્શી તપાસ કરી રહી છે. રાજપીપળા ચોકડી પાસે આવેલી હોટલ સિલ્વરના પાર્કિંગમાં શંકાસ્પદ ટેન્કર હોવાની બાતમી મળતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી. બાતમી મુજબના ટેન્કરને શોધી તેના ડ્રાઇવર ભગવાનસિંહ ચંદ્રાવત પાસે ટેન્કરમાં રહેલાં કેમિકલ અંગેના દસ્તાવેજો માંગ્યા હતાં. ડ્રાઇવર અને ટેન્કરનો માલિક યોગેન્દ્રસિંહ કે જે મધ્યપ્રદેશનો છે તે યોગ્ય પુરાવા રજૂ ન કરી શકતાં જીપીસીબીને જાણ કરવામાં આવી હતી.અત્યંતઘટ કથ્થાઇ રંગના કેમિકલનું પી.એચ. માપતા તે 10 પી.એચનું અત્યંત જોખમી કેમિકલ વેસ્ટ હોવાનું જણાયું હતું. હાલ તો પોલીસે ડ્રાઇવર ભગવાનસિંહ ચંદ્રાવતની અટકાયત કરી છે અને ટેન્કર અને કેમિકલ સહિત 7 લાખ રૂ. ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસની પૂછપરછમાં ડ્રાઇવરે વટાણા વેરી દીધાં હતાં અને તેણે કેમિકલ ટેન્કર પાનોલીની ઓરિએન્ટ રેમેડિઝ કંપનીમાંથી ભર્યું હોવાની કબૂલાત કરતા કંપની પર દરોડો પાડી તપાસ હાથ ધરવામાં આવી છે..



## કેમિકલના નમૂના લેવામાં આવ્યા છે

જીપીસીબીના પ્રાદેશિક અધિકારીવિજય રાખોલીયા એ જણાવ્યું હતું કે ઘટનાની વિગતો મેળવી લેવાઇ છે. હાલ તપાસ ચાલી રહી છે કેમિકલના નમૂના લેવામાં આવ્યા છે. જે રિપોર્ટ માટે મોકલી આપ્યાં છે. રિપોર્ટ આવ્યાં બાદ તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**DATE: 17/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સિતપોણથી પોલીસે ચારેયને દબોચ્યાં, ધારિયું, તલવાર સહિતના હથિયાર જપ્ત

# નબીપુર બ્રીજ નીચે યુવાન પર જીવલેણ હુમલો કરનાર 4 રીઢા આરોપી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં બંબુસર ગામે પીપળી ફળિયામાં રહેતાં અને રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવતાં સઈદ સુલેમાન પટેલ નામનો એક યુવાન ગત 10મી ઓક્ટબરના રોજ બપોરના સમયે નબીપુર બ્રીજ નીચે ઝનોર ચોકડી પાસે રીક્ષા લઈને ઉભો હતો. તે વેળાં શેર મહંમદ સિંધી સહિત ચારેક જણાએ તેના પર ધારિયું તેમજ તલવાર તથા લાકડીઓ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઘટનામાં નબીપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પીએસઆઈ કે. એમ. ચૌધરીએ તેમની ટીમને સતર્ક કરી આરોપીઓના સગડ મેળવવા માટેના ચક્રો ગતિમાન કર્યાં હતાં. દરમિયાનમાં શેર મહંમદ સિંધી સિતપોણ ગામે આવ્યો હોવાની ચોક્કસ બાતમી ટીમને મળતાં તેમણે તુરંત એક્શનમાં આવી ગામમાં દરોડો પાડ્યો હતો. ટીમે સિતપોણ ગામેથી શેર મહંમદ ઈસ્માઈલ સિંધી (રહે. સિતપોણ), મૌસીન અલ્તાફ સિંધી તેમજ યાર મહંમદ અલ્લી મહંમદ સિંધી ( બન્ને રહે. કમ્બોલી) તથા સોકતખાન જુમાખાન પઠાણ ( રહે. સિતપોણ) નામના ચારેય આરોપીને ઝડપી પાડ્યાં હતાં. આરોપી પાસેથી ટીમે એક બલેનો કાર તેમજ ધારિયુ, તલવાર તેમજ બે લાકડી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક પુછપરછમાં આરોપીઓ સિમરખાંનું કામ કરતાં હોવાનું માલુમ પડ્યું હતું. જોકે, તેઓના ભુતકાળની વિગતો મેળવવા સાથે તેમના હુમલો કરવા પાછળનું કારણ સહિતની વિગતો મેળવવા તેમના રીમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 17/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પાલેજ પોલીસની રેડ પડતાં દોડધામ

# ટંકારિયા ગામે જુગાર રમતાં 3 જુગારી ઝડપાયાં, 2 ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં ટંકારિયા ગામે કેટલાંક લોકોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી પાલેજ પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે તે પૈકીના ઈશાક યાકુબ કડુ તેમજ ઈમરાન અહમદ કડીયા નામના બે શખ્સોને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે ઉસ્માન ઉર્ફે પટૌડી માલજી રહે. ટંકારીયા, સલમાન ઈશાક પયા તેમજ ફૈઝાન જાવિદ જીવા (ત્રણેય રહે. ટંકારિયા) નામના ત્રણ જુગારિયાઓ પોલીસને ચકમો આપી ત્યાંથી નાસી છુટ્યો હતો. ઝડપાયેલાં આરોપીઓ પાસેથી ટીમે અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં રૂપિયા મળી કુલ 3700 રૂપિયા રોકડા જપ્ત કર્યાં હતાં. નોંધનિય છે કે, ઝડપાયેલાં બન્ને આરોપીઓ પાસેથી મોબાઈલ મળ્યો નથી.

**DATE: 17/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

મનો દિવ્યાંગ બાળકો સાથે પોલીસ પરિવારો ગરબે રમ્યાં

# ભરૂચ પોલીસ પરિવાર દ્વારા સેફ એન્ડ સિક્યોર નવરાત્રિનું આયોજન

## બંદોબસ્ત સાથે લાવવાની અને પરત પહોંચાડવાની વ્યવસ્થા કરી

| ભરૂચ |

ભરૂચ પોલીસ હેડકવાર્ટર ખાતે સેફ એન્ડ સિક્યોર નવરાત્રી મહોત્સવનું આયોજન કરાયુ છે. દીકરીઓની સલામતીના સંકલ્પ સાથે ગરબા રમવા ભરૂચની જનતાને ભરૂચ પોલીસે અપીલ કરી છે. જિલ્લા પોલીસવડા મયુર ચાવડા સહ પરિવાર અને પોલીસ પરિવાર સહિત ત્રાલસાની અસ્મિતા વિકાસ કેન્દ્ર સંસ્થાના મનોદિવ્યાંગ બાળકો સાથે માતાજીની પૂજા અર્ચના કરી ગરબે ઘુમ્યા હતા.



ભરૂચના પોલીસ હેડકવાર્ટર ખાતે દીકરીઓની સલામતીના સંકલ્પ સાથે સેફ એન્ડ સિક્યોર ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. ભરૂચમાં ચાલુ વરસે ઠેર ઠેર ગરબાના આયોજન થયા છે ત્યારે વાલીઓને તેમની દીકરીઓની પણ ચિંતા થતી હોય છે ત્યારે બાળકીઓ અને યુવતીઓ સલામતી અને સુરક્ષા સાથે ગરબા રમી શકે તે માટે ભરૂચના પોલીસ હેડકવાંટરના વિશાળ મેદાન ખાતે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. વિવિધ સંસ્થાના મનો દિવ્યાંગ બાળકો, ઘરડા ઘરના વૃદ્ધો સહિત જુવેનાઈલમાં રહેતા બાળકો અને બાળકીઓને અલગ અલગ દિવસે આમંત્રીત કર્યા છે. તેઓને ગરબા રમાડવા તેમજ અલ્પાહાર કરાવી તેઓને પોલીસ બંદોબસ્ત સાથે લાવવાની અને પરત પહોંચાડવાની સુંદર વ્યવસ્થા પણ પોલીસે કરી છે. પોલીસે પરિવારની સાથે અન્ય શહેરીજનો પણ પોલીસ હેડકવાર્ટર ખાતે આવી ગરબાની રમઝટ માણી શકશે. ગરબા મહોત્સવ દરમ્યાન લાઈટીંગ, સિંગર, સાંજિદા સાથે સુરક્ષા માટે પોલીસની સાથે મેડીકલ ટીમ અને ફાયરબ્રિગેડ પણ અહી સ્ટેન્ડ ટુ રહેશે.

**DATE: 18/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# અંકલેશ્વર રેલવે સ્ટેશન પાસે ચોરીના મોબાઈલ સાથે સુરતનો શખ્સ ઝડપાયો



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ શહેરમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન રેલવે સ્ટેશન બહારના ગેટ સામે એક શખ્સ ચોરીનો મોબાઈલ વેચવા માટે ફરી રહ્યો હોવાની માહિતી મળી હતી. જેના આધારે સુરતના ઈસરાઈલ મોહમ્મદ ઈનામુલ શેખને રોકી મોબાઈલ અંગે પૂછતાં યોગ્ય જવાબ આપ્યો ન હતો. આ મોબાઈલ તેણે સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોમ ઉપરથી ચોર્યાની કબૂલાત કરતાં પોલીસે રૂ.15 હજારના મોબાઈલ સાથે તેની અટકાયત કરી સુરત રેલવે પોલીસને જાણ કરી હતી.

### દમણથી દારૂનો જથ્થો મંગાવ્યો હતો

# માંડવા દારૂ પ્રકરણમાં ફરાર બૂટલેગર માંકણથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ગત 22 મી સપ્ટેમ્બર ના રોજ અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 48 પર દમણ થી વડોદરા કરજાણ તરફ દારૂ લઈ જતાં કાર ચાલક જય ઉર્ફે રોકી હરીશ રાણા રહે દમણ ની ધરપકડ કરી હતી. તેની પૂછપરછ કરતા દારૂ નાની દમણ થી રાહુલ અને કાર્તિક દ્વારા ભરાવી આપી વડોદરા કરજાણ ના માંકણ ગામ ના સોયેબ નામ ના ઈસમ ને પહોંચાડવાની કબૂલાત કરી હતી જે આધારે પોલીસે ત્રણે ને વોન્ટેડ જાહેર કરી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કરી બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી પોલીસ ના હવાલે કર્યો હતો. પોલીસ ઘટના જીઆઈડીસી પોલીસ એ શરુ કરી હતી. દરમિયાન જીઆઈડીસી પોલીસ એ ચોક્કસ માહિતી આધારે વોન્ટેડ વડોદરા ના કરજાણ તાલુકાના માકણ ગામ ના સોયબ અલી યુનુસભાઈ સૈયદ ને 25 દિવસ ની મહેનતે ચોક્કસ માહિતી આધારે માંકણ થી ઝડપી પાડ્યો હતો.

**DATE: 18/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ એસઓજીની ટીમે ખાનગી સિક્યુરિટી પૂરી પાડતી કંપનીઓમાં તપાસ કરી

# સિક્યુરિટી ગાર્ડની પોલીસ નોંધણી નહીં કરાવનારા 9 સંચાલકો વિરુદ્ધ ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીની ટીમને તાકીદ કરી હતી. જેના પગલે એસઓજી પીઆઇ એ. એ. ચૌધરીએ તેમની ટીમના પીઆઇ એ. વી માણમીયા, પીએસઆઇ આર. એલ ખટાણા તેમજ પીએસઆઇ આર. એસ ચાવડાની અલગ અલગ ટીમો બનાવી હતી. તેમની ટીમોએ ભરૂચ-અંકલેશ્વર સહિતના વિસ્તારમાં ચાલતાં પ્રાઇવેટ સિક્યુરિટી સર્વિસ ખાતે ચકાસણી શરૂ કરી હતી..

દરમિયાનમાં ભરૂચ અંકલેશ્વરમાં એસઓજીની અલગ અલગ ટીમોએ કુલ 9 સિક્યુરિટી સર્વિસના સંચાલકોએ તેમના ત્યાં ફરજ બજાવતાં ગાર્ડ્સની નોંધણી કરતી ન હોવાનું માલુમ પડતાં તમામ 9 સિક્યુરિટી એજન્સી સામે આઇપીસીની કલમ 188 મુજબ જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુનો દાખલ કરાયેલી એજન્સી

- દેવસી દલા ચૌધરી - રહે. પાટણ - બનાસ સિક્યુરિટી
- અવધેશ લાલજી શુક્લા - રહે. નવસારી - લાયન્સ ઇન્ડ. સિક્યુરિટી
- રાજનાથ રામમુરત સિંગ - રહે. અંકલેશ્વર - દિપક એજન્સી
- અમરજીત ત્રિભુવનસિંગ સિંગ - રહે. અંકલેશ્વર - પાર્વતિ સિક્યુરિટી
- સંદિપ રમાશંકર તિવારી- રહે. ચાવજ - બજરંગ સિક્યુરિટી
- આકાશ સંજય જોષી - રહે. તવરા - રક્ષક સિક્યુરિટી સર્વિસ
- સંજય કોરલવાલા - રહે. લલ્લુભાઇ ચકલા - પીજી ફોર્સ-1
- અબ્દુલ શેખ - રહે. અંકલેશ્વર - એસઆઇએસએસ સિક્યુરિટી
- ખાન મહંમદઆસિફ - રહે. કસક - એકતા સિક્યુરિટી સર્વિસ

**DATE: 18/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# કવચ ટ્રાફિક જાગૃતિ અભિયાન સંકલ્પ પત્ર જિલ્લા પોલીસવડાને અર્પણ કરાયાં



**ભરૂચ ।** ભરૂચ ની પૂર્વ વિસ્તારમાં આવેલી નારાયણ વિદ્યાવિહાર શાળાએ ભરૂચ ની પ્રજામાં ટ્રાફિક અવેરનેસ થાય તે માટે તથા લોકો ટ્રાફિકના નિયમો પાડી અને સંકલ્પ બંધ્ય થાય, કોઈ અકસ્માત કે દુર્ઘટના નો કોઈ ભોગ ન બને તથા આર્થિક સામાજિક જે અગવડ ઊભી થાય છે તે પણ ન થાય તેને ધ્યાનમાં લઈ શાળા એ કવચ અભિયાન રૂપે એક પ્રોજેક્ટ હાથ ધર્યો છે. એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ આ અભિયાનનો શુભારંભ કર્યો છે. આ અવસરે આચાર્ય મહેશ ઠાકર તથા અન્ય સ્ટાફ હાજર રહયો.

**DATE: 19/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-02**

### ITIની ૪૧ બોગસ માર્કશીટ સહિત ૪૫ માર્કશીટ મળી

# અંકલેશ્વર ખાતે બોગસ માર્કશીટ બનાવનાર બે ભેજાબાજની ધરપકડ

## જીઆઈડીસી પોલીસે ૩ દિવસના રિમાન્ડ મેળવી તપાસ શરુ કરી

। અંકલેશ્વર ।

અંકલેશ્વર માં બોગસ માર્કશીટ બનાવનાર બે ભેજાબાજો સામે જીઆઇડીસી પોલીસે ગુન્હો દાખલ કરી બંન્ને ની ધરપકડ કરી તપાસ કરતા અંકલેશ્વર આઈ.ટી.આઈ ની ૪૧ બોગસ માર્કશીટ સહીત ૪૫ બોગસ માર્કશીટ મળી આવી હતી પોલીસે બંન્ને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ભરૂચ એલસીબી પોલીસની ટીમે માહિતીના આધારે એલસીબી ની ટીમે નિરંજય રાયની અટકાયત કરી તપાસ કરતા આઈઆઈટીની અને ધોરણ ૧૦ ની અલગ અલગ માર્કશીટ ઉત્તર પ્રદેશના શિક્ષણ બોર્ડની પીડીએફ ફાઈલ શંકાસ્પદ રીતે ફોનમાં મળી આવી હતી. તેઓ ૧૦ થી ૧૨ હજારમાં માર્કશીટ બનાવી આપતા હતા. જ્યારે તેની આ કામગીરીમાં તેનો મિત્ર વિવેકસીંગ મદનસીંગ સાથે મળીને કામગીરી કરતા હોવાની માહિતી આપી હતી. પોલીસે બંન્ને ને કોર્ટ માં રજુ કરી ત્રણ દિવસ ના રિમાન્ડ મેળવ્યા હતા.

**DATE: 19/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE-04**

# સજોદ ગામેથી જુગારી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીએ સજોદ ગામ ખાતે વીનવાડીવિસ્તારમાં નીરવ વસાવા ખુલ્લી જગ્યામાંઆંક ફરક નોવર્લી મટકાનો જુગાર રમાડતા મિતેષ કાંતિ પટેલનેઝડપી પાડ્યો હતો જ્યારે નીરવ ફરાર થઈ જતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસ અંગ ઝડતી માંથી 10.570 રૂપિયા રોકડા તેમજ 5 હજાર ની કિંમત નો મોબાઈલ અને જુગાર રમવાના સાધનો મળી કુલ 15.570 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 19/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE-04**

### જંબુસરના કહાનવા ગામે પોલીસની રેડ

# મોબાઈલમાં આંકડાનો જુગાર રમાડતાં બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં કહાનવા ગામે વડતળાવ વિસ્તારમાં રહેતો મનહર મેલા સોલંકી ઈલેક્ટ્રીક લાઈટના અજવાળે મોબાઈલ પર ખેલૈયાઓ સાથે સંપર્ક કરી આંકડાનો જુગાર રમાડતો હોવાની ચોક્કસ બાતમી વેડચ પોલીસને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. જોકે, ટીમે બે શખ્સોને ત્યાંથી ઝડપી પાડ્યાં હતાં. જેમાં મનહર સોલંકી સહિત મુકેશ વાસુદેવ પરમાર (રહે. માસા રોડ, તા. પાદરા, વડોદરાને પણ ઝડપી પાડ્યાં હતાં. બન્ને જણા મોબાઈલ પર આંકડા રમાડતાં હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે તેમની બન્નેની ધરપકડ કરી તેમની તલાશી લેતાં તેમની પાસેથી રોકડા રૂપિયા તેમજ મોબાઈલ મળી કુલ 13,500થી વધુનો મુદ્દામાલ મળી આવ્યો હતો. વેડચ પોલીસે બંને સામે ગુનો નોંધી તપાસ આદરી છે.

**DATE: 19/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE-01**

### પાનોલીની કંપનીમાંથી કેમિકલ વેસ્ટ ભરી નીકળેલું ટેન્કર પોલીસે ઝડપી પાડ્યું હતું

# ઓરિએન્ટ રેમેડિઝના ભાગીદાર સહિત ત્રણની ધરપકડ, મહિલા સહિત બે ફરાર

ગત 15 મી ઓક્ટોબર ના રોજ પોલીસે અંદાડા ગામના નાકા હોટલ સિલ્વર સેવનના પાર્કિંગમાંથી 20.940 કિલો કેમિકલ વેસ્ટ ભરેલાં ટેન્કરને ઝડપી પાડ્યું હતું. ટેન્કરમાં રહેલા કેમિકલના નમૂના લઈને તપાસ માટે મોકલ્યાં હતાં.

જીપીસીબીના અધિકારી વી. ડી. રાખોલીયાએ પ્રાથમિક રિપોર્ટમાં 10 પી.એચ.વાળુ બેઝિક કેમિકાલ હોવાનું પ્રાથમિક અભિપ્રાય આપ્યો હતો. ટેન્કરના ડ્રાઇવર ભગવનસિંહ ચંદ્રાવતની પૂછપરછમાં આ કેમિકલ વેસ્ટ પાનોલીની ઓરીએન્ટ રેમેડીઝ કંપનીમાથી ભરી આપ્યું હોવાનું જણાવ્યું હતું. જેના આધારે પોલીસ તથા જીપીસીબીએ તપાસનો દોર કંપની સુધી લંબાવ્યો હતો. કેમિકલ વેસ્ટનો જથ્થો ભરી આપનાર કંપનીના ભાગીદાર નિર્લોય નરસિંહ લુવાણીની અટકાયત કરી હતી. તેણે તેની કંપનીમાં સોલ્વન્ટનું ઉત્પાદન કરે છે.

તે વેળા કોસ્ટિક લાય અને અન્ય તત્વો સાથેનું કેમિકલ વેસ્ટ તેયાર થાય છે. જે તેઓ ઓછા ભાવે વેપારીઓને વેચાણ કરે કરતા હોવા સાથે કેમિકલ વેસ્ટ અને કેમિકલનું ટ્રેડિંગ કરતાં રમેશ ભુવાને આપવા માટે ટેન્કરમાં ભરી આપ્યાંની કબુલાત કરી હતી. જેથી પોલીસે કેમિકલ વેસ્ટ અને કેમિકલનું ટ્રેડિંગ કરતાં રાકેશ ઉર્ફે રમેશ ભુવા ને પણ ઝડપી પાડયો હતો. રમેશ ભુવા આ કેમિકલ સાબુ બનાવતાં વેપારીઓ ઉપયોગમાં લેતાં હોવાનું જણાવ્યું હતું. ટેન્કરની ચકાસણી કરતાં તેમાં ડુપ્લિકેટ નંબર પ્લેટ લગાવી કેમિકલ વેસ્ટની હેરાફેરી કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. માનવ, પશુ અને પક્ષી સહિત પક્ષીઓ અને પર્યાવરણને નુક્સાન થઈ શકે તેવા કેમિકલ વેસ્ટના નિકાલ સંદર્ભે કંપનીના ભાગીદાર અને વેપારી તેમજ ચાલકની અટકાયત કરી હોવાનું ડીવાયએસપી ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું. જ્યારે કંપની મહિલા ભાગીદાર હેતલ ભાવેશ ખભાડિયા તેમજ ટેન્કર માલિક યોગેન્દ્રસિંહ ચંન્દ્રાવતને વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 19/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE-04**

જીઆઇડીસી તથા બી ડિવિઝન વિસ્તારમાં કાર્યવાહી, યુવતીઓ અને ગ્રાહકો ઝડપાયાં, સંચાલકો ભૂગર્ભમાં ઉતર્યા

# અંકલેશ્વરના 18 સ્પામાં પોલીસની તપાસ 7 માં કૂટણખાનું ચાલતું હોવાનો પર્દાફાશ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

આખા ગુજરાતમાં મસાજના નામે સ્પાનો રાફડો ફાટી નીકળ્યો છે અને તેમાં ચાલતા ગોરખધંધાથી સૌ કોઇ વાકેફ છે. તાજેતરમાં અમદાવાદમાં સ્પાના સંચાલક અને યુવતી વચ્ચે મારામારીનો વિડિયો વાયરલ થયા બાદ પોલીસે સ્પા સેન્ટરો પર તવાઇ બોલાવી છે. અંકલેશ્વરના વિવિધ વિસ્તારોમાં ધમધમતાં 18 જેટલા સ્પામાં પોલીસે આકસ્મિક તપાસ હાથ ધરી હતી જેમાં પાંચમાં કૂટણખાનું ચાલતું હોવાનો પર્દાફાશ થયો છે જ્યારે અન્યમાં સીસીટીવી સહિતના નિયમોનો ભંગ થતો હોવાનું જણાતાં તમામ સંચાલકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત ધરાવતાં અંકલેશ્વરમાં પણ હવે દરેક વિસ્તારમાં સ્પાનો રાફડો ફાટી નીકળ્યો છે. સમયાંતરે પોલીસ સ્પામાં તપાસ પણ કરતી હોય છે ત્યારે અંકલેશ્વર જીઆઇડીસી અને બી ડિવિઝન વિસ્તારમાં ચાલતા સ્પા માંઆકસ્મિક તપાસ કરવામાં આવી હતી. પોલીસ ટીમોએ મહાવીરટર્નીંગ , પ્રતિન ચોકડી અને જુના નેશનલ હાઈવે નંબર 8 પર આવેલા 7 થી વધારે સ્પામાં દરોડાપાડ્યા હતા. જ્યાં એક સ્થળે સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપાર નો કારોબાર ઝડપાયો હતો તો બે સ્થળે ગ્રાહકો અને યુવતી ઝડપાઈહતી તેમજ અન્ય સ્થળે સ્પા સંચાલકો પાસે જરૂરી ભાડકરાર તેમજ જાહેરનામા અનુસાર સીસીટીવી કેમેરા તેમજ અન્ય મુદ્દે 4 થી વધુ સ્પા સંચાલક સામે ગુનો દાખલ કર્યો હતો. આ ઉપરાંત વાલિયા રોડ તેમજ જીઆઇડીસી વિસ્તારમાંધમધમતા સ્પા પર સર્ચ કરતા 11 સ્થળે દરોડા પાડ્યા હતા જે પૈકી 4 સ્પામાં સ્પાની આડમાં કૂટણખાનું ચાલતું હોવાનું સામે આવ્યું છે. પોલીસે 4 સ્પા સંચાલક સામે ગુનો દાખલ કર્યો હતો તેમજ યુવતી જવાબ લઇ ત્યાં આવેલા ગ્રાહકો સામે પણ કાર્યવાહી હાથ ધરી હતી. 18 પૈકી 7 સ્પા સંચાલકોસામે ઇમોરલ ટ્રાફિકિંગનોતેમજ 4 સ્પા સંચાલકોસામે 188 મુજબ કાર્યવાહી કરી હતી.

### ઘરેથી ભાગેલી કિશોરી અજમેરથી મળી

# માતાએ મોબાઈલ જોવા મુદ્દે ઠપકો આપતાં ઘરેથી ભાગી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં રહેતી એક તરૂણી તેના બે ભાઈઓને લઈને ટ્યુશને જવા માટે ઘરેથી નિકળી હતી. જે બાદ તેણે તેના બન્ને ભાઈઓને ટ્યૂશનમાં મુકી પેન લઈને આવું છું તેમ કહીં ત્યાંથી નિકળી ગયાં બાદ ગુમ થઈ ગઈ હતી. દરમિયાનમાં કિશોરીના પરિવારે ભરૂચ સી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

પોલીસે કિશોરીને શોધવાની કવાયત શરૂ કરતાં તે અજમેર હોવાનું માલુમ પડતાં પોલીસે તેને ત્યાંથી લાવી પરિવારને સોંપી હતી. પોલીસની પ્રાથમિક પુછપરછમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. કિશોરીએ જણાવ્યું હતું કે, તેની માતા તેને મોબાઈલ જોવા ન દેતી હોઈ તે ઘર છોડી ભાગી ગઈ હતી. જે બાદ તે ટ્રેનમાં બેસી જતાં અજમેર પહોંચી ગઈ હતી. જ્યાં તેને એક સુરતનો પરિવાર કે જેઓ ગુજરાતીમાં વાત કરતાં હતાં તે મળતાં તેણે તેમને હકિકત જણાવતાં તે સુરતના પરિવારે મોબાઈલથી કિશોરીના પરિવારનો સંપર્ક કરતાં તે અજમેર હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે મામલામાં આગળની તપાસ હાથ ધરવા સાથે તેનું કાઉન્સિલીંગ કરાવવાની કવાયત શરૂ કરી છે.

**DATE: 20/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

ઝઘડિયાની કે.એલ. જે. કંપનીમાંથી ટેન્કરમાં ભરેલા કેમિકલ નટબોલ્ટ ઢીલા કરી કારબામાં ભરતાં હતાં

# ઝઘડિયામાં 4 ટેન્કરના ડ્રાઈવર કેમિકલ ચોરી કરતાં ઝડપાયા, 2.33 કરોડનો મુદ્દામાલ જપ્ત

## રાજસ્થાનની હોટલમાં ટેન્કર ઉભા રાખી ચોરી કરતાં પણ બે ટેન્કરનો રૂટ બદલાતાં સ્થળ બદલ્યું

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલી કે. એલ. જે. કંપનીમાંથી દિલ્હી, હરિયાણા, સેલવાસ ખાતે આવેલાં તેમના અન્ય યુનિટીમાં થેલેટ પ્લાસ્ટીસાઇઝર કેમિકલનું અલગ અલગ તિવ્રતાવાળું કેમિકલ સપ્લાય કરવામાં આવે છે. જે માટે તેમના ત્યાં જીગર રોડ લાઇન્સ ટ્રાન્સપોર્ટના ટેન્કરોમાં પણ કેમિકલ વહન કરવામાં આવે છે. જીગર રોડ લાઇન્સના ચાર ટેન્કરો પર રાજસ્થાનના ડ્રાઇવરો ફરજ બજાવતાં હતાં. તેમણે ગઇકાલે રાત્રે કંપનીમાંથી તેમના ટેન્કરોમાં થેલેટ પ્લાસ્ટીસાઇઝર કેમિકલ ભર્યું હતું. જે પૈકીના બે ટેન્કર સેલવાસ ખાતેની કે. એલ. જે પોલીમર્સ કંપની તેમજ બે ટેન્કર દિલ્હીના ખેરા ખાતે આવેલાં કે. એલ. જે પેટ્રોપ્લાસ્ટ કંપનીમાં જવાના હતાં. જોકે, તેમણે ઝઘડિયા કંપનીમાંથી નિકળ્યાં બાદત્યાંથી થોડે જ દૂર પારોલી ચોકડી રોડ પર રોડની સાઇડમાં ટેન્કરો ઉભા રાખી તેમાંથી કેમિકલ ચોરી કરી રહ્યાં હતાં. તે વેળાં ઝઘડિયા જીઆઇડીસીના પીએસઆઇ બી. એસ. શેલાણા તેમજ તેમની ટીમે ચારેયને કેમિકલ ચોરતાં ઝડપી પાડ્યાં હતાં. તેમજ ટીમે સ્થળ પરથી 4 ટેન્કર તેમજ 1.11 કરોડથી વધુની મતાનું કેમિકલ તથા અન્ય સામાન મળી કુલ 2.31 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યાં હતાં.

તેમજ 1.11 કરોડથી વધુની મતાનું કેમિકલ તથા અન્ય સામાન મળી કુલ 2.31 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યાં હતાં. પોલીસની પ્રાથમિક પુછપરછમાં તેમણે કબુલ્યું હતું કે, તેમના ચારેય ટેન્કર દિલ્હી-હરિયાણા રૂટ પર જતાં હોય ત્યારે રાજસ્થાનમાં તેઓ કેમિકલ ચોરી કરતાં હતાં. જોકે, આ વખતે બે ટેન્કર સેલવાસા રૂટ પર જવાના હોઇ તેમાંથી કેમિકલ ચોરી તે જથ્થો દિલ્હી રૂટ પર જતા બે ટેન્કરે ચાલકોને આવાના હતાં. જોકે, તે પહેલાં જ તેમની ચોરી ઝડપાઇ ગઇ હતી. રાજસ્થાનના હોવા સાથે એક બીજાના પરીચિત હતાં તેઓ છેલ્લાં એક વર્ષથી મહિનામાં બે વાર કંપનીમાંથી કેમિકલ ભરી હરીયાણા-દિલ્હીની ટ્રીપ મારતાં હતાં. જેમાં તેઓ રાજસ્થાનમાં ઉદયપુર ખાતે આવેલી અન્નપુર્ણા હોટલ તેમજ ચુરૂ જિલ્લાના રાજગઢ રોડ પર આવેલી રોયલ હોટલ પર ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરી તે વેચી દેતાં હતાં.






### આરોપીઓના નામ

- મોહમદ રફીક જુનુખખાન - રહે. જેસલમેર, રાજસ્થાન
- નિહાલખાન શરીફખાન - રહે. કોટડાગામ, બાડમેર
- સોકતઅલી એલિયાખાન - રહે. નેગરડા ગામ, બાડમેર
- બસાયાખાન મતલબખાન - રહે. નેગરડા ગામ, બાડમેર

## આરોપીઓ રાજસ્થાનમાં કેમિકલ વેચતાં હતાં

ચારેય ટેન્કર ચાલકો રાજસ્થાનના હોવા સાથે એક બીજાના પરીચિત હતાં તેઓ છેલ્લાં એક વર્ષથી મહિનામાં બે વાર કંપનીમાંથી કેમિકલ ભરી હરીયાણા-દિલ્હીની ટ્રીપ મારતાં હતાં. જેમાં તેઓ રાજસ્થાનમાં ઉદયપુર ખાતે આવેલી અન્નપુર્ણા હોટલ તેમજ ચુરૂ જિલ્લાના રાજગઢ રોડ પર આવેલી રોયલ હોટલ પર ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરી તે વેચી દેતાં હતાં.

## આરોપીની મોડસ ઓપરેન્ડી શું હતી

ટેન્કર ચાલકો પોતાની સાથે પ્લાસ્ટીકના ખાલી કારબા, પાઇપના ફ્લેન્જ ખોલવાના સ્પેનર્સ, સ્ક્રુ ડ્રાઇવર, ગળણી સહિતનો સામાન રાખતાં હતાં. કંપનીમાંથી ટેન્કરમાં કેમિકલ ભર્યા બાદ અવાવરૂ જગ્યાએ કે પછી કોઇ હોટલના પાર્કિંગમાં ટેન્કર પાર્ક કરી કેમીકલ આઉટલેટના પાઇપ લઇાનનો ફ્લેન્જ સ્ક્રુ ડ્રાઇવર અને પાનાથી ખોલી સહેજ ઢીલું કરી કારબામાં કેમિકલ ભરતાં હતાં.

## અંકલેશ્વરના સરપંચો સાથે એસપીની મુલાકાત

# લોક દરબારમાં રાત્રિ પેટ્રોલિંગ સહિતના મુદ્દે રજૂઆત કરાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંક્લેશ્વર તાલુકા પોલીસ મથક ના વાર્ષિક નિરીક્ષણ નિમિતે ભરૂચ એસપી મયુર ચાવડાની અધ્યક્ષતા હેઠળ શહેરના શેઠના હોલ ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલુકા પોલીસ મથક માં આવરી લેવાયેલ ગામો ના સરપંચો ગ્રામજનો અને આગેવાનો હાજર રહ્યા હતા.

લોક દરબાર માં ગ્રામજનો અને આગેવાનોએ સમસ્યા અને પ્રશ્નોની રજૂઆતો કરી હતી. એસપી તથા અન્ય અધિકારીઓએ પ્રશ્નો અને સમસ્યાના નિરાકરણની ખાત્રી આપી હતી. નવનિયુક્ત એસપીએ ઉપસ્થિત ગ્રામજનો અને ગામના આગેવાનો સાથે મુલાકાત કરી હતી.

**DATE: 20/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પાનોલીમાં એસપીએ ઉદ્યોગકારો સાથે બેઠક કરી સમસ્યાઓ જાણી

# જાહેરમાં કેમિકલ વેસ્ટનો નિકાલ રોકવા ઉદ્યોગોને પોલીસની તાકીદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી ખાતે એસપીની અધ્યક્ષતા માં ઉદ્યોગકારો જોડે બેઠક યોજાઈ હતી.પોલીસ વિભાગ સાથે ઉદ્યોગોને કનડગત પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ હતી. કામદારોના વેરિફિકેશન, ખાલી પ્લોટના ખરાઈ, બિન અધિકૃત કેમિકલ નિકાલ સહિતના મુદ્દે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.ખાસ કરીને હાલમાં કેમિકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ કરવાની કેટલાક ઉદ્યોગોની પ્રવૃતિઓ પર લગામ કસવા બાબતે પોલીસે તાકીદ કરી છે.

પાનોલી જીઆઇડીસી ખાતે પી.આઈ.એ સંકુલ ખાતે આવેલ કોન્ફરન્સ હોલ ખાતે બેઠક યોજવામાં આવી હતી. પી.આઈ.એના પ્રમુખ બી.એસ.પટેલ, અગ્રણી પંકજ ભરવાડા તથા ઉદ્યોગ મંડળના સભ્યો અને ઉદ્યોગકારો તેમજ વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ બેઠકમાં જોડાયા હતા. ઉદ્યોગગૃહમાં આવતા કામદારોનું વેરીફીકેશન અને ડેટા ઓનલાઇન કરવા, તેમજ ખાલી પ્લોટ અંગે ખરાઈ , પ્લોટના ભાડા કરાર,.સિક્યુરિટી એજન્સીની ખરાઈ, હથિયારસંબંધીમાહિતી , ઉપરાંત કેમિકલ ચોરી અને બિન અધિકૃતરીતે થતા કેમિકલ નિકાલ અંગે જરૂરી સુચના અને માર્ગદર્શનઆપવામાં આવ્યું હતું. ઉદ્યોગોના કનડગત પ્રશ્નો બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી. અને તેમાં નિરાકરણ થાય તે માટે હકારાત્મક વલણ અપનાવવામાંઆવ્યું હતું.

**DATE: 21/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**



Police COMMEMORATION Day

# સમાજ માટે પ્રાણોની આહૂતિ આપનાર પોલીસ જવાનોને સલામ..

## પોલીસ સંભારણા દિવસે શહિદોની શહાદતને સ્મરણાંજલિ

## લોકોની સુરક્ષા અને સલામતી અમારી પહેલી જવાબદારી

## સેફ એન્ડ સિક્યોર નવરાત્રિ, હેડ ક્વાર્ટરમાં ગરબાની રમઝટ

## ઘરફોડ તસ્કરો કે પછી ઓઇલચોર, ભરૂચ પોલીસની નજરમાંથી કોઇ બચ્યું નથી : અનેક તસ્કરો જેલ ભેગા

## સપ્ટેમ્બર મહિનામાં એલસીબીની ટીમે ખેતીવાડીની ડુપ્લિકેટ દવાઓ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી

## દેશભરમાં ફરજ દરમિયાન પ્રાણ ન્યોછાવર કરનાર શહીદોને સો સો સલામ

સુરક્ષા માટે સદૈવ જાગૃત : ભરૂચ જિલ્લા પોલીસ

# અંકલેશ્વર સારંગપુર, રાજપીપળા રોડ પરથી જુગાર ધામ ઝડપાયું

અંકલેશ્વર : અંકલેશ્વરના સારંગપુર રાજપીપળા રોડ પર આવેલ પાકીજા હોટલની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોવાની મળેલ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા, જ્યાં જુગાર રમતા ૬ જેટલાં ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા.

ક્રાઈમ બ્રાંચના દરોડામાં (૧) અવિનાશ કુમાર મોહન રાય રહે, મીરાનગર અંકલેશ્વર (૨) સુનિલ વિશ્વકર્મા રહે, મીરાનગર અંકલેશ્વર (૩) રાજકુમાર સિકંદર સીંગ પટેલ રહે, મીરાનગર અંકલેશ્વર (૪) રામવિલાસ શિવચંદ્ર યાદવ રહે, મીરાનગર અંકલેશ્વર (૫) વિશાલ બ્રિજબાન યાદવરહે, સમંત સોસાયટી સારંગપુર અંકલેશ્વર તેમજ (૬) યોગેશ વસંત દીવાન રહે, મીરાનગર અંકલેશ્વર નાઓને ઝડપી પાડી તેઓ પાસેથી રોકડા રકમ સહિત મોબાઈલ મળી કુલ ૪૮,૨૧૦ નો મુદ્દામાલનો કબ્જો લીધો હતો.

**DATE: 21/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-04**

# જંબુસર નગર સહિત પંથકમાં ઠેર ઠેર ગરબાની રમઝટ જામી

## માઈ મંદિરો પણ રોશની અને શણગારથી ઝળહળી ઉઠ્યા

। જંબુસર ।

દેશભરમાં મા આધશક્તિના આરાધના સમાન હિન્દુ સંસ્કૃતિનો લાંબો તહેવાર એટલે નવરાત્રિ આ તહેવાર ખૂબ અનેરુ મહત્વ છે. નવ દિવસ સુધી માતાજીની આરાધના કરવામાં આવે છે. જંબુસર નગર સહિત પંથકમાં શારદીય નવરાત્રી પર્વ નિમિત્તે રાત્રિના સમયે ગરબાની રમઝટ જામી છે. મા અંબાની આરાધના કરવા માટે યુવાધન હિલોળે ચઢ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં નવરાત્રિનું પર્વ ગુજરાતની આગવી ઓળખ છે. ગરબો શબ્દ ગર્ભ દીપ ઉપરથી બન્યો છે ઘડાને કોરાવીને તેમાં દીવો મૂકી એની ચોમેર કે તેને માથે મૂકી ગોળાકાર એ નૃત્ય કરવું તે ગરબો કહેવાય છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં નવરાત્રી આસો સુદ એક થી આસો સુદ નેમ સુધી ગરબા રમાય છે. આદ્યશક્તિ માં જગદંબા ની પૂજા અને આરાધનાનાં આ પવિત્ર પર્વે ગરવી ગુજરાતણો માતાજીના ગરબા ગાઈ રહી છે. સામાન્ય રીતે ચોક કે મેદાન ની વચ્ચે માતાજીની માંડવી હોય અને તેને ફરતા વર્તુળાકાર મોટેભાગે તાળીઓના તાલે અને ઢોલના ધબકારે અત્યારે ગરબા ગવાઈ રહ્યા છે. સામાન્ય રીતે ગરબામાં ગરબા ગવડાવનાર અને ઝીલનારા ઢોલના તાલે ગીત, સ્વર અને તાલમેલ એક તાળી , બે તાળી અને ત્રણ તાળી અને ચપટી સાથે એમ જ હાથના હિલોળા સાથે ગરબા યુવાનો ગાઈ રહ્યા છે.



### નાની બાળાઓને લ્હાણીનું વિતરણ

નવરાત્રી પર્વ મા કાવી પોલીસ મથક ના મહિલા પોલીસ સબ ઇન્સ્પેક્ટર વૈશાલી આહીરે પોલીસ મથક વિસ્તાર ના ગામો મા ગરબે ઘુમી માતાજી ની આરાધના કરતી નાની બાળાઓ ને લ્હાણી નુ વિતરણ કરી પ્રોત્સાહિત કરી. કાવી પોલીસ મથક ના મહિલા પોલીસ સબ ઇન્સ્પેક્ટર વૈશાલી આહીર નવરાત્રી પર્વ ને અનુલક્ષી ને પોલીસ મથક ના કાવી સહિત ના ગામો મા પેટ્રોલિંગ મા જાય છે ત્યારે જેતે ગામ મા યોજાતા ગરબા મા જઈ ને માતાજી ની આરાધના મા લીન થઈ ને ગરબે રમતી નાની બાળાઓ ને લ્હાણી નુ વિતરણ કરી ને પ્રોત્સાહિત કરતા નિહાળવા મળ્યા હતા.

જંબુસર નગર ના નવયુગ વિદ્યાલય કેમ્પસ મા નવદુર્ગા નવરાત્રી મહોત્સવ સમિતી દ્વારા સુંદર આયોજન આયોજકો દ્વારા કરવામા આવેલ છે.

આ સ્થળે આયોજકો દ્વારા તાકીદે મેડિકલ સહાય ની જરૂરિયાત ઉભી થાય તો તેના માટે મેડિકલ ટીમ પણ મેદાન ખાતે તૈનાત કરી છે.તદઉપરાંત રંગ અવધૂત નગર હાઉસિંગ બોર્ડ મેદાન મા તથા નગર ના કોટ બારણા,લીલોતરી બજાર, રાણાસ્ટ્રીટ, પટેલ વાડી.સહિત સોસાયટી વિસ્તારો મા નગર ના માઈ મંદિરો મા તથા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારો મા નવરાત્રીનાં પર્વ માં મોડી રાત સુધી યુવાનો ગરબે ઘુમી માતાજી ની આરાધના કરી મોટી સંખ્યામાં માઈ ભક્તો માતાજીની આરાધના માં તલ્લીન બન્યા છે.અને કેટલીક જગ્યાએ માતાજીના જવારા પણ નાખ્યા છે. માં આદ્યશક્તિ ના દર્શન નો લ્હાવો લઈ માઈ ભક્તો ધન્યતાની અનુભૂતિ કરી રહ્યા છે. માઈ મંદિરો રોશની થી ઝળહળી ઉઠ્યા છે.

**DATE: 21/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### નેહા એન્ટરપ્રાઇઝના ગોડાઉનમાં તપાસ

# અંકલેશ્વરમાં ₹ 2 લાખના ભંગાર સાથે બે સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એસઓજીની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન અંસાર માર્કેટમાં નેહા નારાયણ એન્ટરપ્રાઈઝના ગોડાઉનમાં ટેમ્પા બિલ વગર ના લોખંડનો ભંગાર ખાલી કરવામાં આવી રહ્યો હોવાની બાતમી મળી હતી. ટેમ્પામાં તપાસ કરતા લોખંડની એંગલો ,પ્લેટો,સળિયા સહીતનો ભંગારનો જથ્થો મળી આવ્યો હતો. અંકલેશ્વર ની ગાર્ડનસીટીમાં રહેતા આનંદ પટેલ અને આદિત્ય પટેલ સ્થળ પર હાજર હતાં અને તેમની પાસે ભંગારના જથ્થા અંગેની બિલ તેમજ આધાર પુરાવા માંગતા તેઓ રજૂ કરી શક્યાં ન હતાં. જેથી પોલીસે રૂપિયા 2.03 લાખનો ભંગારનો જથ્થો અને 10 લાખ નો ટેમ્પો મળી કુલ રૂપિયા 12.03 લાખનો મુદ્દામાલ જપ્ત કરી અંકલેશ્વર રૂરલ પોલીસ ના હવાલે કર્યા હતા

**DATE: 21/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# અંકલેશ્વરમાં જુગાર રમતાં 6 ખેલી ઝડપાયાં

અંકલેશ્વર । રાજપીપળા રોડ પર સારંગપુર મીરા નગર ખાતે પાકીજા હોટલ પાછળ મોટાપાયે જુગાર રમાઈ રહ્યો હોવાની માહિતી આધારે એલ.સીની ટીમએ દરોડા પાડ્યા હતા જ્યાં જુગાર રમતા અવિનાશ રાય, સુનિલ વિશ્વકર્મા , રાજકુમાર પટેલ, રામવિલાસ યાદવ , વિશાલ યાદવ અને યોગેશ દીવાનને ઝડપી પાડયાં હતાં. પોલીસે કુલ રૂા. 28 હજાર રોકડા સહિત કુલ 48 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તમામ સામે એલસીબીએ ફરિયાદ નોંધાવી છે.

**DATE: 21/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### અંકલેશ્વર તાલુકામાં બનેલી ઘટના : સગીરા કપડા બદલતી હતી ત્યારે બાથ ભરી

# પારિવારિક કાકાનો ભત્રીજી સાથે દુષ્કર્મ કરવાનો પ્રયાસ, પોલીસે જેલભેગો કર્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં પારિવારીક કાકાએ જ પાડોશમાં રહેતી સગીર ભત્રીજી સાથે દુષ્કર્મનો પ્રયાસ કર્યો હોવાની ધૃણાસ્પદ કિસ્સો સામે આવ્યો છે. સગીરા ઘરે એકલી હતી ત્યારે શાળાએ જવા માટે કપડાં બદલી રહી હતી તે સમયે પાડોશમાં જ રહેતાં કાકાએ ઘરમાં ઘુસી આવી તેને બાથ ભરી દીધી હતી. ઉપરાંત ઘટના અંગે કોઈને કહેશે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

પારિવારિક સંબંધોને લાંછન લગાવતો વધુ એક કિસ્સો અંકલેશ્વર ગ્રામ્ય વિસ્તારમાં બન્યો છે. અંકલેશ્વર પૂર્વ પટ્ટી પર આવેલા વિકસિત ગામમાં આવેલી એક સોસાયટીમાં બે સબંધીઓ આજુબાજુમાં જ રહેતાં હતાં. દરમિયાનમાં એક પરિવારની સગીરા ઘરે એકલી હતી. અને તેને શાળાએ જવાનું હોઇ તે તેના ઘરમાં કપડાં બદલી રહી હતી. તે વેળાં સગીરાના પિતાના મસિયાઇ ભાઈએ ઘરમાં પ્રવેશી સગીરાને કપડાં બદલતાં જોતાં તેની દાનત બગડી હતી.તેણે અચાનક તેનો હાથ પકડી લઈ બાથ ભીડી લઇ ચુંબન કરવાની કોશિશ કરવા સાથે શરીરના ગુપ્ત ભાગો પર હાથ ફેરવવા લાગ્યો હતો. પોતાના કાકા ના આ હીન કૃત્યથી ભત્રીજી ડઘાઇ ગઇ હતી તેણે ધક્કો મારી કાકાને પાડી દીધો હતો. ભત્રીજી તાબે નહિ થાય એમ લાગતા જ કાકાએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી જતો રહ્યો હતો. સમગ્ર બાબત દીકરીએ પરિવારને જાણ કરતા અંતે પરિવારજનો દ્વારા આ અંગે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી નરાધમ કાકાને ઝડપી પાડવાની કવાયત શરૂ કરી હતી. અંકલેશ્વર શહેર અને તાલુકામાં છેલ્લા ઘણા સમયથી દુષ્કર્મ તથા છેડતીના બનાવો વધી રહયાં છે. આવા બનાવો રોકવા માટે સગીરાઓ તથા તેમના વાલીઓએ જાગૃત બનવાની તાતી જરૂરીયાત હાલ વર્તાઇ રહી છે.

## બાઇક પર દારૂની ખેપ મારી રહ્યાં હતાં

# ઝઘડિયાના તવડી ગામ નજીકથી દારૂ સાથે એક ઝબ્બે, બીજો ફરાર

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઉમલ્લા પોલીસે તવડી ગામના કેનાલ પાસે વોચ ગોઠવી હતી, તે દરમિયાન બાતમી વાળા નંબરની બાઈકક આવતા તેને રોકવાનો ઈશારો કરતા બાઈક ચાલકે ભાગવાની કોશિશ કરી હતી, પરંતુ કોર્ડન કરી લઈ રોડની સાઈડમાં ઊભી કરી દેતા બાઈકની પાછળ બેઠેલી ઈસમ ઝડપથી ઉતરી અંધારામાં નાસી ગયો હતો જ્યારે બાઈક ચાલક પકડાઈ ગયો હતો. અને તેનું નામઠામ પૂછતા તેણે પોતાનુ નામ વિકાસ વસાવા અને નાસી ગયેલ ઈસમનું નામ પૂછતા રાજ વસાવા જણાવ્યું હતું.

મોટર સાયકલ પર રાખેલ થેલો તપાસતા તેમાંથી દારૂની 144 નંગ બોટલો જેની કિંમત 14,400 તથા બાઈક મળી કુલ 24,400 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને વિકાસ વસાવા, રાજ વસાવા બંને રહે. પ્રતાપનગર તા. નાંદોદ જી. નર્મદા વિરુદ્ધ ઉમલ્લા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ચેતવણીરૂપ કિસ્સોઃ સ્કૂલ વાનમાં બાળકીનું જાતિય શોષણ કર્યું હતું

# બાળકી સાથે દુષ્કર્મ આચરનાર વાનના ડ્રાઈવરને કોર્ટે 20 વર્ષ કેદની સજા ફટકારી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં રહેતાં એક દંપતિની પુત્રી ત્રણ વર્ષની થતાં તેમણે તેને નર્સરીમાં મુકી હતી. પિતા નોકરીએ જતાં હોઈ અને માતા ઘરકામ તેમજ ટ્યૂશન ચલાવતી હોય તેઓએ તેમની પુત્રી સુરક્ષિત રીતે સ્કૂલેથી આવ-જા કરે તે માટે તેમણે ચેતન ઉર્ફે ચિરાગ મોદી નામના શખ્સનો સંપર્ક કર્યો હતો. તે સ્કૂલ વાન ચલાવતો હોઈ તે તેમની પુત્રીને રોજ લઈ જતો અને મુકી જતો હતો. દરમિયાનમાં વર્ષ 2018માં નવેમ્બર મહિનાની 28મી તારીખે રાત્રે જ્યારે પતિ નોકરીએ ગયાંહતાં. ત્યારે પત્નીએ તેમને ફોન કરી જાણ કરી હતી કે, પુત્રીના ગુપ્તભાગે લોહીના ડાઘ છે. જે સાંભળતાં જ પિતાના પગ નીચેની જમીન જાણે સરકી ગઈ હતી. તેઓ તુરંત નોકરી છોડી ઘરે દોડી આવ્યાં હતાં. તેમણે પુત્રીને સાંત્વના આપવા સાથે પંપાળીને પુછપરછ કરતાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. તેણે જણાવ્યું હતું કે, ઈકોવાળા ચેતન અંકલ તેની ગંદુ ગંદુ કરે છે તેમજ તેણે તેના ગુપ્ત ભાગ બતાવી ત્યાં મારે છે તેમ જણાવતાં માતા-પિતા બન્ને આઘાતમાં સરી ગયાં હતાં. ઘટનાને પગલે તેમણે પોલીસ મથકે આઈપીસી 376(એબી) તેમજ ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટ 2012ની કલમ 4 - 6 હેઠળ ફરિયાદ નોંધાવી હતી. જે બાદ તેનો કેસ ભરૂચના એડીશનલ એન્ડ ડી. સે. જજ અધવર્યુની કોર્ટમાં કેસ ચાલી ગયો હતો. જેમાં અદાલતે સરકારી વકીલ પરેશ બી. પંડ્યાની દલીલો અને વિવિધ રેફરન્સના ચુકાદાઓને ધ્યાનમાં રાખી આરોપી ચેતન ઉર્ફે ચિરાગ રમેશચંદ્ર મોદીને કસુરવાર ઠેરવી જાતીય સતામણી કરવા બદલ 20 વર્ષની કેદ તેમજ 1.50 લાખનો દંડ ઉપરાંત ભોગબનનારને વળતર તરીકે રૂપિયા 4 લાખ કાનુની ઓથોરીટીને યોગ્ય રકમ વળતર તરીકે ચુકવવા હુકમ કર્યો છે.

## માતાએ પુત્રીની કેફિયતનું રેકોર્ડિંગ કર્યું હતું

પુત્રીના ગુપ્ત ભાગે લોહી દેખાતાં પરિવાર ચિંતિત બન્યું હતું પિતાએ બાળકીને સમજાવી તેની પુછપરછ કરતાં તેણે માસુમ અને કાલીઘેલી ભાષામાં ચેતન ઉર્ફે ચિરાગે તેની સાથે કરેલાં કૃત્યની સમગ્ર હકીકત જણાવી હતી. જોકે, તે સમયે તેની માતાએ સમયસુચકતા દાખવી તેની આખી વાત મોબાઈલમાં રેકોર્ડ કરી હતી. જે કોર્ટમાં રજૂ કરાયું હતું.

## તબીબના અભિપ્રાયની પણ નોંધ લેવાઈ

બાળકીએ તેનું જાતિય શોષણ થયું હોવાનું કહેતાં તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબે તેનું પરીક્ષણ કરતાં તેની યોનીનો પડદો તુટ્યો હોવાનું નીદાન થયું હતું. વધુ સારવાર માટે સોનોગ્રાફી કરાવી આગળની સારવાર આપી હતી. જેનો અભિપ્રાય પણ કેસમાં મહત્વનો સાબિત થયો હતો.

**DATE: 22/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અજાણી વ્યક્તિ 181 માં કોલ કરી મદદ માગી

# બે પુત્રી છતાં પુત્રની લાલસામાં પતિનો પત્નીને શારીરિક ત્રાસ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંક્લેશ્વરના એક વિસ્તારમાં મીનાબેન ( નામ બદલ્યું) રહે છે.તેમના લગ્ન જીવનમાં ત્રણ પુત્રીઓ છે. જોકે તેના પતિને પુત્રની આશમાં મીનાબેનને અવારનવાર દારૂનો નશો કરી ઘરે આવી લડાઈ ઝઘડો કરી માર મારતો હતો. તું ખરાબ છે કહીને મહેણાં ટોણા મારી માનસિક તેમજ શારીરિક ત્રાસ આપતો હતો. ગત રોજ રોજ પણ મીનાબેન ના પતિ પુનઃ નશો કરી ઘરે આવી તેમને માર મારતો હતો.જેથી કોઈ ત્રાહિત વ્યક્તિ 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી મીનાબેનની મદદ કરવા જણાવ્યું હતું.1 81 ટીમને કોલ મળતા જ તાત્કાલિક રેસ્ક્યુ વાન લઈ બતાવેલા સ્થળે પહોંચી મીનાબેન પાસેથી તમામ હકીકત જાણી હતી. 181 ની ટીમના કાઉન્સિલરે મીનાબેનના પતિ ને બોલાવી પોતાની પત્ની ઉપર હાથ ઉપાડવો અને વ્યસન કરવું બંને કાનૂની ગુનો બને છે. પુત્ર અને પુત્રી બંને એક જ સમાન છે જેથી પુત્રની લાલસા રાખી પત્ની પર જુલમ કરવો સારી બાબત ન કહેવાય તેમ સમજાવી સમાધાન કરાવ્યું હતું.

**DATE: 22/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## રાજપીપળાથી ઉમલ્લા તરફ આવતો હતો

# બાઈક પર દારૂની ખેપ મારતા બે શખ્સ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ ગતરોજ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે રાજપીપળા તરફથી ઉમલ્લા તરફથી એક્ટિવા પર બે ઈસમો ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈને આવવાના છે, આ બાતમીના આધારે ઉમલ્લા પોલીસે આરપીએલ ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી હતી, તે દરમિયાન બાતમી વાળા એક્ટિવા આવતા તેને રોકી તપાસ કરતા થેલામાં વિદેશી દારૂનો જથ્થો હતો. પૂછતાછ કરતા પોતાનુ નામ સચિન વસાવા હજરપુરા તા. નાંદોદ જી, નર્મદા તથા ચિરાગ વસાવા દેશમુખ ફળિયું રાજપીપળા હોવાનું જણાવ્યું હતું. તપાસમાં વિદેશી દારૂની 144 નંગ બોટલો જેની કિંમત 14 હજાર તથા બાઈક મળી કુલ 40 હજાર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉમલ્લા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

### ભરૂચ જિલ્લામાં છઠ્ઠા નોરતે ગરબાની રંગત જામી

# ગરબા ગ્રાઉન્ડો પર રાત્રે મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા

ભરૂચ તા.૨૧

માં જગદંબાની આરાધના પર્વમાં યુવા ધન સુરક્ષિત ગરબા રમી શકે તે માટે છેલ્લા બે વર્ષથી સેફ એન્ડ સિક્યોર ગરબાનું આયોજન પોલીસ પરિવાર દ્વારા કરી રહ્યા છે.છઠ્ઠા નોરતે મોડી રાત સુધી ખેલૈયાઓએ મન મૂકી ગરબાની રોનક જામી હતી.જેના પગલે ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી ઉભરાઈ ઉઠ્યું હતું.

## પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખેલૈયાઓ માટે સુરક્ષિત હોવાનો અનુભવી રહ્યા છે

ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં કાળી તલાવડી સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે છેલ્લા ૨ વર્ષથી સેફ એન્ડ સિક્યોર ગરબાનું આયોજન પોલીસ પરિવાર દ્વારા કરી રહ્યા છે .ઘણી વખત ખાનગી ગરબા આયોજકો દ્વારા પાસ સાથે રૂપિયા લેવાતા હોવાના કારણે ઘણી વખત ગરીબ અને મધ્યમ વર્ગના લોકો ગરબાથી વંચિત રહેતા હતા પરંતુ છેલ્લા ૨ વર્ષથી પોલીસ પરિવાર દ્વારા યોજાઈ રહેલા ગરબા આયોજનને કારણે પોલીસ પરિવાર સાથે શહેરીજનો ગરબાની મજા માણી રહ્યા છે.

સેફ એન્ડ સિક્યોર ગરબા ગ્રાઉન્ડ ઉપર યુવાન યુવતીઓ સુરક્ષિત ગરબા રમી રહી હોવાનો અનુભવ કરી રહ્યા છે .છેલ્લા બે વર્ષથી સુરક્ષા સાથે ગરબાનો અનુભવ કરી રહેતી યુવતીએ પણ પોતાનો અનુભવ વ્યક્ત કર્યો હતો.ભરૂચ જિલ્લાના વિવિધ ગરબા ગ્રાઉન્ડો પણ આસો નવરાત્રીની રાત્રીએ ઉભરાઈ રહ્યા છે અને મોટી સંખ્યામાં ખેલૈયાઓ પણ મન મૂકીને ગરબે જામી રહ્યા છે.